વિભાગ હસ્તક ચાલતી કામગીરી/યોજનાઓના પ્રચાર-પ્રસાર માટેની PR એજંસીની પસંદગી તેમજ કામગીરી માટેની સમિતિને રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: PRC-૧૦૨૦૨૧-૪૫૧૮૯૧-કો.સેલ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૮/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) અત્રેના ઠરાવ ક્રમાંક: PRC-૧૦૨૦૨૧-૪૫૧૮૯૧-કો.સેલ, તા.૧૨/૧૧/૨૦૨૧

(૨) અત્રેના ઠરાવ ક્રમાંક: PRC-૧૦૨૦૨૧-૪૫૧૮૯૧-કો.સેલ, તા.૧૦/૦૫/૨૦૨૨

ઠરાવ:-

વિભાગ હેઠળના ત્રણેય ખાતાના વડા હસ્તકની કામગીરી/યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે PR એજંસીની પસંદગી તેમજ કામગીરી નક્કી કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી કમિટીની રચના કરવામાં આવેલ. વંચાણે લીધા ક્રમાંક (૨) ના ઠરાવથી કમિટીની પુન:રચના કરવામાં આવેલ હતી. GeM પોર્ટલ પર વિભાગ હસ્તક ચાલતી કામગીરી/યોજનાઓના સોશ્યિલ મિડિયામાં પ્રચાર-પ્રસાર માટે PR એજન્સીની પસંદગી માટે ઓપન ટેન્ડર કરી શકાય છે તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.0૩/0૨/૨૦૨૧ ના ઠરાવ મુજબ ચીજવસ્તુ/સેવાની પસંદગી માટે તેના સ્પેશીફીકેશન નક્કી કરવા આંતરિક કમિટી તથા ખરીદ સમિતિઓની પણ રચના કરવામાં આવેલ હોઇ, ઉકત ઠરાવથી રચવામાં આવેલ સમિતિની હવે કોઇ વિશેષ ઉપયોગીતા જણાતી નથી. આથી, પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) ના અનુક્રમે તા.૧૨/૧૧/૨૦૨૧ ના ઠરાવ અને તા.૧૦/૦૫/૨૦૨૨ ના સુધારા ઠરાવને રદ કરવામાં આવે છે.

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પર અ.મુ.સ.શ્રી (સા.ન્યા.) ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Leena K Vaghela
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-Aug-2023 (11:56 AM)

(લીના.કે.વાઘેલા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- મેનેજિંગ ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીકસ લિમીટેડ, બ્લોક નં.૨/૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- ના.સ.શ્રી (અ.જા.ક.)/ (વિ.જા.ક.)/ (સ.સુ.), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી (અ.જા.ક.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (વિ.જા.ક.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (સ.સુ.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (આઇ.ટી.), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા અને અ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.